# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૯/ક્વા-૨/૨૦૧૯-૨૦/૫૯૦૨** **તા.૦૫–૦૯–૧૯**

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૩૯/ક્વા-૨/૨૦૧૯-૨૦

અરજદાર: **મેં. શ્રી ગોકુલ ગૌસદન અરણી** ગામ: ઉપલેટા

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **વિભાગીય કચેરી ધોરાજી**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૭-૦૮-૨૦૧૯ (મંગળવાર)

## :: અરજદારની રજૂઆત ::

૧.0 અરજદારની અરજી ના નોંધણી નંબર :૩૯/ક્વા-૨/૨૦૧૯-૨૦ મા જણાવે છે કે, તેઓ ઉપલેટા તાલુકાના અરણી ગામે શ્રી ગોકુલ ગૌસદન – અરણી ગ્રાહક નં. –૩૯૬૧૫/૦૦૯૮૪/૯ થી વીજજોડાણ ધરાવે છે. જે વીજજોડાણ નુ વીજબીલ તા.૧૩–૦૭–૧૯ ના શનીવાર ના રોજ ચેક થી ભરપાઈ કરવા – ઉપલેટા ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીમાં ગયેલ ત્યારે જણાવેલ કે – ભાયાવદર કચેરીના બીલ ચેક થી સ્વીકારવામા આવતા નથી. જેથી – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદાર ઉપલેટા તાલુકાના અરણી ગામે શ્રી ગોકુલ ગૌસદન – અરણી ગ્રાહક નં. –૩૯૬૧૫/૦૦૯૮૪/૯ થી વીજજોડાણ ધરાવે છે. અરજદાર શ્રી ની ફરીયાદ અન્વયે ચકાસણી કરવામા આવતા – તા.૧૩–૦૭–૧૯ ના શનીવાર ના રોજ બીજો શનીવાર હોય, રેગ્યુલર કેશીયર ની જગ્યાએ અન્ય કલાર્કને કેશીયર તરીકેની નિમણુક કરેલ હોય, જે અરજદારની ફરીયાદ બાબતે, માહિતગાર ન હોવાથી – સદર બનાવ બનવા પામેલ છે. જે બાબતે સબંધક કેશીયર ને આવા ચેક સ્વીકારવાની જરૂરી કડક સુચના અપાયેલ છે. તેમજ, સદર બાબતે અરજદારશ્રી ને પ્રશ્ન નહી રહે તેમ જણાવતા – અરજદાર શ્રી એ – તેઓની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી – સંતોષકારક નિરાકરણ કરાયેલ હોય, જે બદલ તા.૧૩–૦૮–૧૯ ના સમાધાનપત્રમા સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ **પેરા નં ૨.૦ અને** પેરા નં ૩.૦ અન્વયે અરજદારની સદર ફરિયાદનું **પી.જી.વી.સી.એલ. કક્ષાએથી** નિરાકરણ થતા - અરજદારની લેખિત સમંતિ મુજબ – સમાધાનપત્ર(પુરશીશ) **તા.૧૩–૦૮–૧૯** થી રજુ કરાયેલ છે.

૪.૨ **આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય**, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |